Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સ્વ. શ્રીયુત કુંવરજીભાઈ આણંદજી

જેમની સત્તરમી પુણ્યતિથિ પોષ શુદિ અગિયારસના રોજ ઉજવવામાં આવી હતી.

પુસ્તક ૭૮ મું
અંક ૩-૪, ૫ મી ફેબ્રુઆરી

: પોષ—મહા :

વિ. સં. ૨૦૧૮ : ઈ. સ. ૧૯૬૨
વીર સં. ૨૪૮૮

: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૮ મું : : વાર્ષિક લવાજમ ૩-૫૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका

૧ શિક્ષામાળા .... .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૩૩
૨ ભીડભંજન (સ્વપ્નદેવ) પાર્શ્વનાથજીનું સ્તવન (મુનિ મનમોહનવિજયજી) ૩૪
૩ શ્રી ધર્મસાગર–મહાવીર : ૩૭ .... .... (સ્વ. મૌક્તિક) ૩૬
૪ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ અને રેલ સંબંધી જૈન ઉલ્લેખો
(પ્રો. હીરાલાલ ર. કાપડીઆ એમ. એ.) ૪૦
૫ સુખ માટે કોણ તરસે ! .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૪૫
૬ જિન કથાનની નોંધ .... (ભગવાનદાસ મનસુખભાઈ મહેતા) ૪૮

## પૂજા ભણાવવામાં આવી

સ્વ. શ્રીયુત કુંવરજીભાઈ આણંદજીની સત્તરમી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદ ૧૧ ને મંગળવારના રોજ સભાના નવ હૉલમાં સભાના મકાનમાં પ્રભુજી પધરાવી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી, જે સમયે સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

જન્મ દિન

આપણી સભાના પ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શેઠના પોષ વદી ૦)) ને રવિવારના રોજ ચોસઠમા જન્મદિન પ્રસંગે આપણી સભા ઉપરાંત સમાજની વિવિધ સંસ્થાઓ, સ્નેહીઓ, શુભેચ્છકો તેમજ મિત્રવર્ગ તરફથી હાર-તોરા એનાયત કરી તંદુરસ્તીભર્યું દીર્ઘાયુ ઇચ્છવામાં આવ્યું હતું.

રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે
"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિસ્થળ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો–ભાવનગર.
૨. પ્રસિદ્ધિક્રમ : દર અંગ્રેજી મહિનાની પાંચમી તારીખે.
૩. મુદ્રકનું નામ : સાધના મુદ્રણાલય, ઠેકાણું દાણાપીઠ પાછળ, ભાવનગર. ક્યા દેશના–ભારતીય.
૪. પ્રકાશકનું નામ : દીપચંદ જીવણલાલ શાહ, ઠેકાણું–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર. ક્યા દેશના–ભારતીય.
૫. તંત્રીનું નામ : ઉપર પ્રમાણે.
૬. માસિકના માલિકનું નામ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો, ભાવનગર.

હું દીપચંદ જીવણલાલ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

દીપચંદ જીવણલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૮ મું | પોષ—મહા | વીર સં. ૨૪૮૮
અંક ૩-૪ | | વિક્રમ સં. ૨૦૧૮

# નિશામાતા

શિખરિણી

નિશામાતા ! પ્રેમે નિજ શિશુતણા વત્સલપણે,
શ્રમો દૂરે થાવા રવિકરતણા તાપ જગને;
પછેડી શાંતીની મૃદુ નિજ કરે વિસ્તૃત કરે,
અને ગીતો ગાએ મધુર નિજ કંઠે શ્રમ હરે. ૧

પછી નિદ્રા મીઠી સહુ જનતણે અર્પણ કરે.
નિશામાતા ઢાળે પવન સુખકારી નિજ કરે;
પછી રાત્રી ધારે નિરવ શમ શાંતિ સ્વરૂપને.
કરે રાણી ભાલે શશિતિલક માંગલ્યકરને. ૨

રચી નક્ષત્રોના વિવિધ ગુણ હારો મણિતણા,
ધરે સર્વાંગોમાં સુભગ મણિ મુક્તા ફૂલ ઘણા;
અલંકારો ધારી સુખ અનુભવે સ્વર્ણવનના,
સુખોમાં અન્યોના સુજન મન આનંદ નિજના. ૩

બીજાના આનંદે નિજ સુખ ગણે સજ્જન સદા,
દુભાએ અન્યોની શ્રમજનિત પીડા નિરખતા;
હરે દુ:ખો કોઈ દલિતજનના કષ્ટ સહતા,
ઉઠે આનંદોર્મિ પ્રચુર મન આનંદ વરતા. ૪

કવિ—"સાહિત્યચંદ્ર" બાલચંદ હીરાચંદ-માલેગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાંડક(સ્વપ્નદેવ) પાર્શ્વનાથજીનું સ્તવન

( સંપૂર્ણ ઇતિહાસ ચોપાઈ )

卐

દુહા

શાસનપતિ શ્રી વીરને, પ્રણમી લાગું પાય,
સ્વપ્નદેવ ગુણ ગાઇશું, સરસ્વતી કરજો સહાય;
પ્રાસ પિંગલ જાણું નહીં, વળી સ્વર તાલ વિવેક,
દરગુજર કરજો સહુ, વહતાં ઓછું અતિરેક. ૧

ચોપાઈ

ચતુર પુંજાભાઈ શુભ નામ, અંતરિક્ષ તિર્થતણું કરતા કામ;
મુનિમગીરી કરતા તેહ, દિલમાં ધરતા પૂર્ણ નેહ. ૧

એક દિન સુતા રયણી વિષે, શુભ સુચક સ્વપ્નને દિષે:
ભુજંગ એક પાછળ આવે, પોતે જંગલમાં આગળ જાવે. ૨

ભુંજગને જોડી દોય હાથ, કહે વાંસે પડ્યા કેમ નાથ?
વાંક હોય જો કાંઈ મુજ, ખમજો વંદન કરૂં હું તુજ. ૩

તવ નાગ બોલે છે વાણી, સુણ જે તું ભવીજનપ્રાણી!
અહીં સુંદર હતું એક ગામ, ભદ્રાવતી જેહનું નામ. ૪

પાર્શ્વ પ્રભુનો પ્રાસાદ સોહે, ભવીકજનના મનડાં મોહે;
કાળ પડતો આવ્યો જેમ, નાશ નગરીનો થયો તેમ. ૫

પ્રતિમા ભૂગર્ભ મોજાર, ઠવી ભાવી કરવા ઉદ્ધાર:
આજ મેં તો તુજને દીઠો, ઉદ્ધાર કરવા મોકો મીઠો. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધરજે તું દીલમાં મારી વાત, થયું આજથી તહારૂં પ્રભાત;
સુણી વાત ભુજંગતણી, સહાય કરજો ત્રિલોકના ધણી. ૭

સ્વપ્ન મહી નગરીને દેખે, પાર્શ્વપ્રભુજીની પ્રતિમા પેખે;
આંખ ખોલી જીહાં પોતે જોતો, સયામાં લહેરેથી સુતો. ૮

ઉઠી ધર્મ સ્વાધ્યાય કરે, સુસ્વપ્નનું ધ્યાન તે ધરે;
પ્રભાતે પોતે કરે વિચાર, પ્રભુ કૃપાએ કરવો ઉદ્ધાર. ૯

સ્થિતિ પોતાની નબળી છેક, છતાં દિલમાં ધરી વિવેક;
ગયો ચાંદા સંઘતણી પાસ, સુમતી સાગર ગુરુનો વાસ. ૧૦

કરી સ્વપ્નતણી તિહાં વાત, સંઘે ધરી થઈ રળીયાત;
તપાસ કરતાં ભાંડક સ્થાન, સ્વપ્નતણા જીહાં નિશાન. ૧૧

તે જગ્યા જર ખરચી લીધી, રાજ્યે પણ સારી મદદ કીધી;
પ્રાસાદ બનાવ્યો તેણી ઠામ, યાત્રાનું થયું મોટું ધામ. ૧૨

સંવત ઓગણીસ છાસઠ સુખકારી, ફાગણ શ્વેતત્રીજ અતી સારી;
જયસૂરિ શાસન ઉપગારી, સ્થાપ્યા પાર્શ્વપ્રભુ જયકારી. ૧૩

ભાંડક તિર્થ તે કહેવાય, દર્શન કરતાં હર્ષ ન માય;
શ્યામ વર્ણની પ્રતિમા ઓપે, સપ્તફણા શીરપર શોભે. ૧૪

અર્ધ પદ્માસને બિરાજે, પ્રભાત ચોઘડીયાં તિહાં વાજે;
એહવા તિર્થની યાત્રા કરતા, ભવિકજનના કર્મોને હરતા. ૧૫

સ્વપ્નદેવ તે કહેવાય, ભાંડક પાર્શ્વથી ઓળખાય;
પૂર્વે કેસરીયા કહેવાણા, પુજતા નર દેવના રાણા. ૧૬

મનોહરવિજય ગુરૂરાય, પાર્શ્વ પ્રણમી પ્રણમું પાય;
**મનમોહન** પાર્શ્વ ગુણ ગાવે, ભવોભવના પાતક જાવે. ૧૭

—મુનિ મનમોહનવિજયજી



For Private And Personal Use Only

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૩૮

**સિંહ :**

સાતમી તમસ્તમપ્રભા નરકાવાસે પોતાનું આયુષ્ય પૂર્ણ કરી ત્રિપૃષ્ટ(નયસાર)નો જીવ પંચેંદ્રિય સિંહ થાય છે તિર્યંચગતિમાં એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના જીવોનો સમાવેશ થાય છે. દેવતા, મનુષ્ય અને નારકોને બાદ કરતાં સર્વ સંસારી જીવો તિર્યંચ ગતિના કહેવાય છે. ઇંદ્રિયો પાંચ છેઃ સ્પર્શ, રસ, ઘ્રાણ(ગંધ), ચક્ષુ અને કાન. એકેંદ્રિય જીવોને માત્ર સ્પર્શેન્દ્રિય જ હોય છે, બેઇંદ્રિય જીવોને સ્પર્શ અને રસ, તેઇંદ્રિય જીવોને સ્પર્શ, રસ અને ગંધ, ચૌરિંદ્રિય જીવોને ચક્ષુ(દેખવાનું) વધે અને પંચેંદ્રિય જીવોને કાન(શ્રવણ) વધે. આ પાંચે પ્રકારનાં જીવો તિર્યંચ ગતિનાં જીવો કહેવાય છે, જ્યારે દેવ, મનુષ્ય અને નિર્યંચ તો પાંચ ઇંદ્રિયવાળા જ હોય છે. એક ઇંદ્રિયવાળા જીવોના પાંચ પ્રકાર હોય છેઃ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. વનસ્પતિના જીવો પ્રત્યેક (એક શરીરે એક) અને સાધારણ (એક શરીર પર અનંત) હોય છે. બેઇન્દ્રિમાં જળો, શંખ વગેરે આવે છે. માંકડ, કીડિ, મંકોડાને ત્રણ ઇંદ્રિય હોય છે. વીંછી, ભમરી, તીડને ચાર ઇંદ્રિય હોય છે.

તિર્યંચ પંચેંદ્રિયના મુખ્ય ત્રણ ભાગ છેઃ જળચર, થળચર અને ખેચર. મગર, માછલી, વ્હેલ વગેરે જળચર છે, હાથી, ઘોડા, ગાય, સિંહ થળચળ છે અને હંસ, કાગડા, કબૂતર ખેચર છે. આ તિર્યંચ જીવો બહુ મોટી સંખ્યામાં સ્થળે સ્થળે હોય છે અને એકેંદ્રિયમાં તો સૂક્ષ્મ જીવો એટલી મોટી સંખ્યામાં હોય છે કે એની ગણતરી કરવી મુશ્કેલ પડે. નિગોદમાં અનંત જીવો હોય છે અને સ્થિતિ પરિપાક થયે એ ત્યાંથી હરવા ફરવા માંડે ત્યારે તેને અંગે લોકસ્થિતિ કેવી રીતે કામ કરે છે અને તેના (વગર લખાયલા પણ ચાલ્યા આવતા) નિયમો કેવા હોય છે તેનું તાદૃશ્ય વર્ણન શ્રી સિદ્ધર્ષિએ ઉપમિતિ ભવ પ્રપંચા કથાના બીજા પ્રસ્તાવમાં ખૂબ આકર્ષક રીતે કર્યું છે. તેમાં ભવિતવ્યતા અને લોકસ્થિતિના નિયમો વાંચી જેવા છે–સમજવા જેવા છે. આખા વિશ્વ પર્યટનના ચક્કરનો તાદૃશ્ય ખ્યાલ આપે તેવા છે અને આપણી આસપાસ શું બની રહ્યું છે અને આપણે કેવા પાઠો શા માટે ભજવી રહ્યા છીએ અને મહારાજ કર્મ-પરિણામ દેવી કાળપરિણતિ સાથે કેવા ખેલ જોઈ રહ્યા છે તેનો સ્પષ્ટ ખ્યાલ કરવા માટે એ કવિત્વથી ભરપૂર વર્ણન અભ્યાસ કરવા લાયક છે.

આ તિર્યંચ ગતિના જીવોનાં સ્થાનો શરીરો આયુષ્ય ગતિ આગતિ અને લેશ્યાઓ માટેની ઘણી ઉપયોગી હકીકતો સમજવા માટે વિશાળ સિદ્ધાન્ત શાસ્ત્રો અને નાનાં નાનાં પ્રકરણ પુસ્તકો પડ્યાં છે એ અત્યંત રોચક વિવેચનો આખા વિશ્વનો, વિશ્વને ઉપરને ભાગે આવેલ મોક્ષનો સંસારી જીવોના રખડપાટાઓનો અને રખડપાટાને અંતે થતા મોક્ષનો, એના જીવોના આનંદનો અને ત્યાં પહોંચ જવાના માર્ગોનો ખ્યાલ આપે છે. આવા પ્રકારે સંસારને ચક્કરે ચઢેલા જીવો માયા, મમતા, મે અને મારાતારાની ખટપટમાં પડી જઈ નકામા ચ તરફ આંટા માર્યા કરે છે, અકળાયા કૂટાયા કરે અને હેરાન પરેશાન થાય છે. એ રખડપ ઓળખવા માટે આ તિર્યંચ ગતિના વૈવિ બરાબર ઓળખી લેવાની જરૂર છે. જ્યારે તિર્ય ગતિના જીવોની વિવિધતા, એમનાં અનેક ક્ષે દુરંતતા અને એના ભ્રમણકાળની લંબાણતા ખ્ય માં આવે ત્યારે આપણે કોણ છીએ, કઈ ભા મૂળા છીએ અને એકંદરે કેવા પામર થઈ છીએ, છતાં સત્તાગતે આપણામાં કેવાં કેવાં ભર્યાં છે તેનો સાચો ખ્યાલ આવે. તિર્યંચ ગ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એના વિવિધ સ્વરૂપોમાં ઓળખ્યા વગર આ વિશ્વનો ખ્યાલ ન આવે અને વિશ્વનો ખ્યાલ ન આવે ત્યાં સુધી આ આંટાફેરા અને ધરમધક્કા પર કંટાળો ન આવે. એટલે આ વિચારણાદ્વારા સંસારને એના ખરા સ્વરૂપમાં સમજવા યોગ્ય છે, સમજીને વિચારવા યોગ્ય છે અને વિચારીને કંટાળવા યોગ્ય છે. પ્રકરણ ગ્રંથોના અભ્યાસથી સામાન્ય ખ્યાલ આવે તેમ છે અને ખરી મોજ તો મૂળગત ગ્રંથોના શ્રવણ કે અભ્યાસે જ અનુભવી શકાય તેમ છે.

આવા પંચેંદ્રિય તિર્યંચના સ્થળચર વિભાગમાં સિંહ તરીકે ત્રિપૃષ્ટનો જીવ આવ્યો. એ જંગલનો રાજા થયો. પણ ત્રિપૃષ્ટના ભવમાં એણે જે ક્રૂરતા ધારણ કરી હતી તેનો હજુએ વિકાસ કરતો રહ્યો. આખા જંગલમાં નિઃશંકપણે ફરવું, પોતાની જાતને જંગલના રાજા તરીકે માનવી અને અનેક નાના પ્રાણીઓનો વધ કરી તેના ઉપર પોતાનું જીવન ચલાવવું એ એનો જીવનક્રમ બની રહ્યો. એને આખા જંગલમાં વગર હરીફે રાજ્ય કરવું ફાવી ગયું, એને પોતે જંગલમાં એકલો છે એમ કદી ન લાગવાનું મનોબળ લાધી ગયું, પણ એણે કદી ખડ ખાધું નહિ, એણે સામાન્ય વનચરોની નબળાઈ દાખવી નહિ, એણે અનેક હાથીઓને હઠાવવામાં કે મારી નાખવામાં પાછી પાની કરી નહિ અને નિર્બળ હરણોને એણે ગર્જનાથી નસાડવામાં સંકોચ કર્યો નહિ. સ્થૂળ બળ એણે ખૂબ કેળવ્યું અને પ્રાણીમાં એકવાર શરાતન આવે તો તે તેનો ઉપયોગ જરૂર કરે એમ બતાવી એણે સ્થૂળ બળના વિકાસ સાથે આંતર બળને વધારવા માંડ્યું. જે કમ્મે શૂરા તે ધમ્મે શૂરા એવી વાત આપણે વાંચીએ છીએ તેનો આ સિંહ જીવતો દાખલો હતો. સ્થૂળ શારીરિક બળના ધણી જો અંદરથી આત્મવીર્ય કેળવે તો અંતે મહામોહ પર વિજય મેળવે, રાગ કેસરી અને દ્વેષ ગજેન્દ્ર જેવા આંતર રિપુઓ પર વિજય મેળવવાની શક્તિ કેળવે, કામદેવ જેવા મતંગજને બગલમાં રાખી લેવાનું બળ કેળવે અને વિષયો અને કષાયો પર મક્કમ વિજય પ્રાપ્ત કરવાનો રસ્તો મેળવી લે.

બાયલાંગલાથી પ્રગતિ થતી નથી, ભાઈ બાપુ કરવાથી અંતરરિપુઓ પર કાબૂ મેળવી શકાતો નથી અને ઢીલા પડી જવાથી કર્મો માર્ગ આપતા નથી. આંતર પ્રગતિ અને શત્રુ પર વિજય માટે ખૂબ બળ, વીર્ય, નિશ્ચય અને તેજનો સંચય જરૂરી છે અને બાહ્ય બળ અને અંતરના નિશ્ચય વગર એ પ્રાપ્ત થઈ શકતા નથી. એટલે ત્રિપૃષ્ટના ભવમાં નયસારના જીવે જે સ્થૂળ બળની પરાકાષ્ઠા બતાવી તે જ બળ એણે આ સિંહના વીશમા ભવમાં બતાવ્યું. અત્યારે તો એ બળનો ઉપયોગ એણે જંગલના જીવોને હેરાન કરવામાં કર્યો, પણ તે દ્વારા એણે અનેક પ્રકારે પોતાની જાત પર અંકુશ કેળવ્યો, પોતે જંગલમાં અસહાય છે એવું એને કદી લાગ્યું નહિ, એને અનેક જાતના પશુઓ પર રાજ્ય કરતાં તેઓ સર્વ એકઠાં થઈ પોતાનું રાજપાટ હરી લેશે એવો ખ્યાલ પણ આવ્યો નહિ અને દૃઢ નિશ્ચયી પ્રાણી પોતાનો દોર આગળ ધપાવી રાજ્યને નિષ્કંટક કરી શકે છે એવા મનોબળની દિશા એને ત્રિપૃષ્ટના ભવમાં મળી હતી તેનો આ સિંહના ભવમાં વિકાસ કર્યો અને આ આત્મનિર્ણય, આત્મવિશ્વાસ અને અતુલ આત્મશ્રદ્ધા એને આગળ જતાં ઘણી સહાયક નીવડશે એ આપણે આગળ જોશું. અંદર હીર હોય તો તેનો સદુપયોગ અથવા દુરુપયોગ બન્ને થઈ શકે છે, પણ જો તે અંદર હોય તો પછી તેના ઉપયોગની દિશામાં ફેરફાર કરવા માટે તો માત્ર તેને કેવળ વલણ જ આપવું પડે છે. મુદ્દો અંદરના હીરનો છે, મુખ્ય અંદરના હીરનું છે અને કિંમત અંદરના જવાહીરની છે. આ વાત સર્વ વિકાસના પ્રસંગોએ ધ્યાનમાં રાખવા જેવી છે. નિર્માલ્ય મોળા માંદલા દમિયલ પ્રાણીથી વિકાસ કેમે સાધી શકાતો નથી, સાધી શકાય તો તેનો કાળ ઘણો લાંબો થઈ જાય છે અને લાંબે કાળે પણ એને સાધતાં સાધતાં અને માર્ગે પહોંચતાં બહુ વખત લાગે છે, જ્યારે બળવાન સુદૃઢ શરીરવાળા પાકા નિશ્ચયવાળા પોતાનો વિકાસ એકદમ સાધી શકે છે, તુરત માર્ગપલટો કરી શકે છે અને સાચે માર્ગે આવતાં સડસડાટ આગળ આવી કૂદકે ને ભૂસકે પગથીઆંઓ ટપી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા પ્રકારનો આત્મવિશ્વાસ ત્રિપૃષ્ટના જીવે આ સિંહના ભવમાં કેળવ્યો. એ એના ભવિષ્ય પ્રગતિમાર્ગમાં એને કેટલી મદદ કરે છે તે આગળ ખ્યાલમાં આવશે. દીલાને માટે પ્રગતિ થાય તો પણ ગોકળગાયની ગતિએ થાય છે અને તેમાં પણ એકાદ સામો પવન આવે તો વર્ષોની મહેનત પાછી પડી જાય છે અને સાત ડગ સામાં ભરાયલાં હોય ત્યાંથી વળી પાંચ ડગ પાછા ફરાય એટલે લંબો પંથ વધારે લાંબો થાય છે, પસાર કરેલી ભૂમિકા પર ફરીવાર પંથ પર્યટન કરવું પડે છે અને એ રીતે ધીમે પ્રયાણે આગળ વધતાં એકાદ આકરો ગુંજવાત આવી જાય તો ઘણી પશ્ચાદ્‌ગતિ થઈ જાય છે. દૃઢ નિશ્ચયી અને આત્મવિશ્વાસીનાં ધમાલ અને પ્રગતિ અનોખાં જ હોય છે, એ તો ક્રૂરતામાં આગળ વધે ત્યારે મણા રાખે નહિ, તેમ જ જ્યારે તેમાંથી ઓસરવા માંડે ત્યારે તેની સામું પણ જુએ નહિ.

નયસારના ભવથી માંડલ પ્રગતિપંથના પગલામાં આ હકીકત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે, ત્રિદંડી બ્રાહ્મણના પાંચમા, છઠ્ઠા અને આઠમા(કૌશિક પુષ્પમિત્ર અને અગ્નિદ્યોત) તથા દશમા બારમા અને ચૌદમા (અગ્નિભૂતિ ભારદ્વાજ અને સ્થાવર બ્રાહ્મણના) ભવોમાં એનો વિકાસમાર્ગ ખૂબ નરમ હતો અથવા તદ્દન સામાન્ય પ્રકારનો હતો, એની આખી દિશા એણે વિશ્વભૂતિના સોળમા ભવમાં બદલી નાંખી, એને મોટો વેગ આપ્યો અને એનામાં ત્રિપૃષ્ટ અને સિંહના ભવમાં ચેતન મૂક્યું. બન્ને ભવમાં એણે શક્તિનો ઉપયોગ ખોટે રસ્તે કર્યો એ વાત સાચી છે પણ શક્તિનો સંગ્રહ એણે ખૂબ કર્યો એ વાત નોંધવા લાયક છે અને એ શકિતના વહેણને એણે કેવો આકાર આપી દીધો તે હવે પછી જોવાશે અને એ વાત અતિ મહત્વની છે. મહાન યોગબળને માટે, મોટા ઉપસર્ગો સહન કરવા માટે અને એકાંત સ્થાનમાં કાયોત્સર્ગ અને એકતાન કરવા માટે જે સંગ્રહશક્તિ જોઈએ તેની આંતર તૈયારી આ સ્થાને જ થઈ છે એ લક્ષ્યમાં રાખવું. શક્તિ અંદર હોય, પછી તેને ડાબાને બદલે જમણે રસ્તે ફેરવવી એ બહુ આકરી વાત નથી. આ આત્મશક્તિનો પ્રયોગ નયસારનો જીવ હવે પછી કેવો કરે છે તે આગળ જોવામાં આવશે. સિંહ તરીકે તો એ જંગલનો રાજા બની ગયો, એક છત્ર રાજ નભાવી રહ્યો અને પોતાના બળનો ઉપયોગ દાખવી રહ્યો.

નયસાર (ત્રિપૃષ્ટ)નો જીવ તિર્યંચ પંચેંદ્રિય (સિંહ) થયો. તેવા તિર્યંચ થવાના કારણો અનેક બતાવવામાં આવ્યા છે. કર્મગ્રંથકાર કહે છે ગૂઢ હૃદયનો પ્રાણી હોય, અથવા મૂર્ખ કે ધૂર્ત હોય અથવા તો અંતરમાં શલ્ય સહિત હોય એટલે માયા અને અજ્ઞાનમય તીવ્ર મોહોદયને પરિણામે તિર્યંચ આયુષ્યનો બંધ થાય છે.[1] આ રીતે જોઈએ તો એને સાતમી નરકમાં અજ્ઞાનનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી. પણ એને આર્તધ્યાન ખૂબ થયું હશે એમ જણાય છે. આકરા દુર્ધ્યાન વગર તિર્યંચનું આયુષ્ય બંધાય નહિ અને બીજી વાત એ છે કે નારકના જીવો પછીના ભવમાં નારક થાય નહિ અને દેવ પણ થાય નહિ અને સાતમી નરકના જીવો મનુષ્ય પણ થાય નહિ[2] એટલે પંચેંદ્રિય તિર્યંચનો એક ભવ એને માટે અનિવાર્ય હતો

અહીં કયા કારણે તિર્યંચનું આયુષ્ય બંધાય તે વાત પ્રસંગોપાત કરી નાખીએ. જે પ્રાણીઓ શીલ રહીત હોય, જેઓ પારકાને છેતરવામાં અભિમાન માનનારા હોય, જેઓ સંસારવૃદ્ધિના મિથ્યા માર્ગનો ઉપદેશ આપનારા હોય, વેપારમાં ખોટા તોલમાપ કરનારા હોય, માલમાં ભેળસેળ કરનારા હોય, કાળા બજાર કરનારા હોય, સારા માલને નામે હલકો માલ ધુસાડી દેનારા હોય, માયા, કપટ, દંભ, ઢોંગ કરનારા હોય, ખોટા દસ્તાવેજ કરનારા હોય, ખોટી સાક્ષી આપનારા હોય, બનાવટી દસ્તાવેજ પર સાક્ષી કરનારા હોય અને આખો વખત આર્તધ્યાન કરનારા હોય કે અન્ય ઉપર મનસ્વી તરંગી કલંક ચઢાવનારા હોય–આવા પ્રાણીઓ તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધે છે.

૧ કર્મગ્રંથ પ્રથમ ગાથા ૫૯.

૨ જુઓ બૃહત્સંગ્રહણી ગાથા ૨૯૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણવાનની નિંદા કરનારા પણ તિર્યંચ ગતિમાં જવા યોગ્ય આયુષ્યનો બંધ કરે છે. તિર્યંચ ગતિમાં જવા માટે આર્તધ્યાનને બરાબર સમજી લેવાની જરૂર છે. આર્તધ્યાનના ચાર પ્રકાર મુખ્યત્વે હોય છે, તેને સામાન્ય રીતે વિચારી જઇએ.

પોતાના પુત્ર પુત્રી માબાપ ભાઈબહેન વગેરેની તબિયત નરમ હોય ત્યારે તેના મંદવાડને અંગે સાચી ખોટી ચિંતા-શંકા થાય, તેમના વિયોગ વખતે સાચા ખોટા વિચાર આવે, તેને અંગે શોક થાય, વિલાપ થાય તે પ્રથમ 'ઇષ્ટ વિયોગ' આર્તધ્યાન. ન ગમે તેવા પદાર્થોનો પ્રાણીઓને સંયોગ કે સંબંધ થઈ જાય તે 'અનિષ્ટ સંયોગ' આર્તધ્યાન. શરીરમાં વ્યાધિ થઇ આવ્યો હોય, થવાની ચિંતા થઇ હોય, થશે એવો ભય લાગ્યા કરતો હોય તેને અંગે આખો વખત દવાદારૂની ચિંતા, શરીરને જાળવવાના તર્ક વિતર્કો તે સર્વ 'રોગ' ચિંતા આર્તધ્યાનના પેટામાં આવે.

અને પોતાની નોકરી છૂટી જશે તો શું થશે, પોતાનું શરીર અટકી પડશે તો ઘરનો બોજો કોણ ઉપાડશે, કેવી રીતે ઉપાડશે, અમુક કાર્ય કરવાથી આ ભવમાં અગ્રસ્થાન મળે તેની ખટપટ, ચૂંટણીની ધમાલો, આવતા ભવમાં અમુક સ્થાન મેળવવાના નિયાણા કરવાં-આવી ભવિષ્યની નિરર્થક ચિંતા કરવી અને તેને અંગે મનમાં પાટિયાં ગોઠવવાં એ સર્વને 'અગ્રશોચ' આર્તધ્યાનના પેટામાં સમજવું. તિર્યંચગતિમાં જવા માટે આ આર્તધ્યાનો પૈકી કોઇ પ્રકાર મુખ્યત્વે ભાગ ભજવે છે.

આપણા ત્રિપૃષ્ઠના જીવે સિંહ થતાં પહેલા સાતમા નરકાવાસમાં ખૂબ આર્તધ્યાન કર્યાં હશે. પોતાની સ્ત્રીઓને રાજ્યઋદ્ધિને મોટા મોટા અમલદારોના અને લશ્કરીઓનાં ટોળાંને ખૂબ યાદ કર્યાં હશે અને અશ્વગ્રીવના મૂકેલા દૂતના અને જીવાતોના ભરડા ખાતી વખતે ખૂબ માથાં પછાડ્યાં હશે એને પરિણામે એણે પંચેંદ્રિય તિર્યંચપણાનું આયુષ્ય ત્યાં મેળવ્યું.

સિંહ તરીકેનો જીવનકાળ અને સ્થળ નોંધાયલું જણાતું નથી, પણ તે સમયના આયુષ્યકાળને ધ્યાનમાં લેતાં તેનું આયુષ્ય સિંહના ભવમાં લગભગ ચોરાસી લાખ વર્ષનું ધારી શકાય. આ રીતે નયસારનો વીશમો ભવ પૂર્ણ થયો.

અહીંથી નયસારનો જીવ પાછો નરકાવાસમાં જાય છે, એને ચોથી નારકી મળે છે. નરકગતિનો આયુષ્ય બંધ થવાના કારણો અહીં વિચારી જઇએ અને તે પૈકી સિંહના ભવમાં એને ક્યા કારણો લાગુ પડી શકે છે તે વિચારી જઇએ. આખા પર્યટન પરંપરાને અને તેનાં કારણોને ઓળખાય તો જ આ સંસારની ખટપટ પર નિર્વેદ આવે અને આખા ચક્કરના ચિત્રનું કારણ સમજાય તો તેમાંથી છૂટવાના પ્રયત્ન કરવાની ઇચ્છા થાય તેથી આ વિભાગ સ્વાત્મ પ્રગતિ માટે ખૂબ ઉપયોગી છે.

( ચાલુ )

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુકાળ અને રેલ સંબંધી જૈન ઉલ્લેખો

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**કુદરતી સંકટો**—'પ્રકૃતિ' દેવી કોપાયમાન થાય ત્યારે એનો પ્રકોપ જાતજાતનાં રૂપો ધારણ કરે છે. [1]જ્વાળામુખી પર્વતોનું ફાટવું, [2]ધરતીકંપો થવા, અતિવૃષ્ટિ થવી, અનાવૃષ્ટિ થવી, દુકાળો પડવા, રેલો આવવી, ભયંકર વાવાઝોડાં થવાં, સાગરી તોફાનો થવા, વિજળીઓ પડવી, ઉલ્કાપાતો થવા ઇત્યાદિ સ્વરૂપે આ પ્રકોપ ઊભરી નીકળે છે. આ કુદરતી આફતોનો સામનો કરવા મનુષ્ય પોતાથી બનતું બધું કરે છે, પણ એમાં એને ધારેલી સફળતા ભાગ્યે જ મળે છે.

મેઘરાજાની અવકૃપાનું ફળ જગતને બે રીતે ચાખવું પડે છે; કાં તો અતિશય પુષ્કળ પ્રમાણમાં વરસાદ પડે છે એટલે કે 'અતિવૃષ્ટિ' થાય છે અગર તો બહુજ થોડો—જોઈએ તે કરતાં ઓછો વરસાદ થાય છે અર્થાત્ 'અનાવૃષ્ટિ' થાય છે.

**લીલો અને સૂકો દુકાળ**—અતિવૃષ્ટિને લઈને 'લીલો દુકાળ' પડે તેમજ નદી નાળાં ઊભરાઈ જતાં રેલ આવે. અનાવૃષ્ટિને લીધે 'સૂકો દુકાળ' પડે. લીલા દુકાળમાં અનાજની તંગી રહે, પણ પાણી અને ઘાસચારા માટે વલખાં મારવા નહિ પડે. જ્યારે સૂકા દુકાળમાં તો એની પણ હાડમારી ભોગવવી પડે.

આપણા આ દેશનો મુખ્ય આધાર ખેતી છે અને એ ખેતીનો આધાર મેઘરાજાની કૃપા છે. મેઘરાજા સૌમ્ય દૃષ્ટિ ધારણ કરે તો સોના જેવો પાક થાય અનાજની કોઈ વાતે તંગી નહિ પડે, સિવાય કે તીડ જેવો કોઈ ઉપદ્રવ નડે

જૈનોની માન્યતા મુજબ પ્રત્યેક તીર્થંકરના ચોત્રીસ (૩૪) અતિશયો છે. આ અતિશયોનાં નામ અને ક્રમાંકમાં વિવિધતા જોવાય છે. **સમવાયની** બૃહદ્વાચના (સ. ૩૪, સુત્ત ૩૪)માં તેમજ એની લઘુ વાચનામાં પણ ૩૧માથી ૩૩મા અતિશયો તરીકે અતિવૃષ્ટિના, અનાવૃષ્ટિના અને *દુષ્કાલના એમ ત્રણના અભાવનો અનુક્રમે ઉલ્લેખ છે, જ્યારે **પવયણ સારુદ્ધાર** (દાર ૪૦, ગા. ૪૪૪)માં આ જ ત્રણ અતિશયો ગણાવાયા છે, પરંતુ એના ક્રમાંક ૧૩, ૧૪ અને ૯ છે અને **અભિધાનચિન્તામણિ** (કાંડ ૧, શ્લો. ૬૦)માં ૧૨ થી ૧૪ છે.

**અતિવૃષ્ટિ**—આ સંસ્કૃત શબ્દનો અર્થ 'જોઈએ તે કરતાં પુષ્કળ વરસાદ' એમ થાય છે: એને માટેનો પાઇય શબ્દ 'અઇવુટ્ઠિ' છે. અને એ **સમવાય** (સ. ૩૪)માં તેમજ **પવ.સા.** (ગા. ૪૪૪)માં વપરાયો છે. **પઉમચરિય** (ઉ. ૨૦ ગા. ૮૭)માં 'અઇવિટ્ઠિ' શબ્દ છે.

**અનાવૃષ્ટિ**—આ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એના માટે પાઇયમાં 'અણાવિટ્ઠિ' અને 'અણાવુટ્ઠિ' તેમજ 'અણભિવુટ્ઠિ' તથા 'અણુવ્વુટ્ઠિ' શબ્દ છે. **પઉમચરિય**(ઉ. ૨૦, ગા. ૮૭)માં 'અણાવિટ્ઠિ' અને **સમવાય**(સ. ૩૪)માં 'અણાવુટ્ઠિ' અને **પવ. સા.**(ગા. ૪૪૪)માં 'અણભિવુટ્ઠિ' છે. **સમ્બોહપયરણ**(પત્ર ૨)માં 'અણુવ્વુટ્ઠિ' શબ્દ છે. 'અનાવૃષ્ટિ' માટે અંગ્રેજીમાં 'drought' શબ્દ વપરાય છે.

**દુષ્કાલ કિંવા દુર્ભિક્ષ**—'દુષ્કાલ' એ સંસ્કૃત શબ્દ છે. એનો અર્થ 'ખરાબ સમય' યાને 'કપરો કાળ' થાય છે. આ અર્થમાં 'દુર્ભિક્ષ' શબ્દ પણ વપરાય છે. દુર્ભિક્ષનો સામાન્ય અર્થ 'ભિક્ષાનો અભાવ' છે. જ્યારે લોકોને ખાવાપીવાનું પૂરું ન મળતું હોય ત્યારે ભિક્ષુકો, સંન્યાસીઓ, સાધુઓ વગેરેને ભિક્ષા ક્યાંથી મળે? સુકાળમાં સારા પ્રમાણમાં ભિક્ષા મળી શકે.

1 આને લગતું મારું ભાષણ મુંબઈની "જ્ઞાન પ્રચારક મંડળી" તરફથી ઈ. સ. ૧૯૫૨ માં છપાવાયું છે.

2 આ સંબંધી મારો લેખ "જૈન ધર્મ પ્રકાશ" (પુ. ૭૭, અં. ૧૧-૧૨) માં પ્રસિદ્ધ થયો છે.

* આનો એક અર્થ 'મહાદેવ' થાય છે. એ અત્ર પ્રસ્તુત નથી



For Private And Personal Use Only

'દુષ્કાલ' માટેનો પાઇય શબ્દ 'દુક્કાલ' છે. એ **ગણહરસપ્પસયગ** ( ગા. ૩૦ )માં વપરાયો છે છે. 'દુર્ભિક્ષ' માટે પાઇયમાં 'દુબ્ભિક્ખ' શબ્દ છે. એ ઠાણ ( ઠા. ૫, ઉ. ૨ )માં, **સમવાય** ( સ. ૩૪ )માં **સુપાસનાહચરિય**( પૃ. ૩૫૮ )માં, **પવ.સા.**( ગા ૪૪૪ )માં અને **રયણસેહરકહા** ( પૃ. ૩૨ )માં વપરાયો છે.

દુકાળ ઉપર દુકાળ પડે તો તેને 'દુકાળી' કહે છે.

**રેલ**—આ ગુજરાતી ભાષાનો શબ્દ છે આ અર્થમાં 'પૂર' શબ્દ પણ વપરાય છે. નદી નાળામાં નવા પાણીનું જોસબંધ આવવું તે 'રેલ' યાને 'પૂર' કહેવાય છે. પાઇયમાં 'રેલ્લિ' શબ્દ છે. એ 'દેશ્ય' ગણાય છે. 'પૂર' એ પાઇય તેમજ સંસ્કૃત એમ બંને ભાષાનો શબ્દ છે.[1]

ઉચ્ચ પ્રદેશમાં ખૂબ વરસાદ થયો હોય તો ત્યાં થઇને નીચલા પ્રદેશમાં વહેતી નદીમાં રેલ આવવાનો સંભવ રહે છે. 'સિન્ધુ' જેવી નદીમાં તો 'હિમાલય' પર્વત ઉપરનું બરફ 'ગ્રીષ્મ' ઋતુમાં ઓગળતા પણ રેલ આવે છે.

અતિવૃષ્ટિ અને રેલ એ બેને કંઇ અવિનાભાવ સંબંધ નથી, પરતુ સામાન્ય રીતે એ બેનો સાથે સદ્ભાવ સંભવે છે.

આપણા આ દેશમાં-'ભારત' વર્ષમાં અત્યાર સુધીમાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુકાળ અને રેલના અનેક પ્રસંગો બન્યા છે. એ પૈકી સમય ને સાધન અનુસાર કેટલાકની હું નોંધ લઉં છું અને એની પૂર્તિ માટે વિશેષજ્ઞોને વિનવું છું.

**અતિવૃષ્ટિના પ્રસંગો**–આ ચાલુ 'હુંડા' અવસર્પિણીમાં આપણા આ દેશમાં **ભરત** ચક્રવર્તી થઇ ગયા. એમના પછી ચક્રવર્તીઓ અને વાસુદેવો થયા. છેલ્લા વાસુદેવ તે કૃષ્ણ. એમની અને ભરતની વચ્ચે કરોડો વર્ષનું અંતર છે. જૈન મંતવ્ય મુજબ એ કૃષ્ણને થયાને લગભગ ૯૦૦૦૦ વર્ષ થયા છે. એ વાસુદેવ કૃષ્ણના જન્મ સમયે 'યમુના' નદીમાં રેલ આવ્યાની વાત **ભાગવત** પુરાણ જેવી અજૈન કૃતિમાં નોંધાયેલી છે ખરી, પરંતુ કોઇ પ્રાચીન જૈન ગ્રંથમાં એવો ઉલ્લેખ છે? અને જો હોય તો શેમાં?

પાર્શ્વનાથના પૂર્વભવના વૈરી કમઠે પાર્શ્વનાથ કાયોત્સર્ગમાં હતા ત્યારે એમના નાક સુધી પાણી આવ્યાં એટલી બધી જલવૃષ્ટિ કરી હતી એમ પાર્શ્વનાથને લગતાં કથાનકો ઉપરથી જણાય છે.

**તત્ત્વાર્થાધિગમસૂત્ર** (અ ૭. સૂ. ૮)ની સિદ્ધસેનગણિકૃત ટીકા(ભા. ૨, પૃ. ૭૧)માં 'કુણાલા'માં પંદર દિવસ સુધી લાગલગાટ દિવસે અને રાતે મુસળધાર વરસાદ હો' એ મતલબનું કથન છે.

**આવસ્સયની** ચુણ્ણિ(ભા. ૧ પત્ર ૬૦૧)માં કહ્યું છે કે કરડ અને કુરુડ જૈન નિર્ગ્રંથનના માર્ગમાં વસતા હતા. એમના ઉપર દેવની અનુકંપા હતી. એ રુષ્ટ થતાં પંદર દિવસની વૃષ્ટિ થઇ અને તેમ થતાં 'કુણાલા' નગરીનો નાશ થયો. ત્યાર બાદ ત્રીજે વર્ષે સાકેતમાં કરડ અને કુરુડ કાલધર્મ પામ્યા અને બંને સાતમી નરકે ગયા. 'કુણાલા' નગરીના વિનાશ બાદ તેરમે વર્ષે **મહાવીરસ્વામીને** કેવલજ્ઞાન થયું.

આથી કુણાલામાં અતિવૃષ્ટિ ઇ.સ. પૂર્વે ૫૭૦માં થયાનું ફલિત થાય છે.

**આવસ્સયની** નિજ્જુત્તિ(ગા. ૧૦૬૩)ની હારિભદ્રીય ટીકા(પત્ર ૪૬૫ આ)માં આ પ્રસંગ વર્ણવાયો છે. એમાં કરડ અને ઉક્કુરુડ નામ અપાયાં છે અને એ બેને 'કુણાલા'ના લોકોએ કાઢી મૂક્યાનો ઉલ્લેખ છે. વિશેષમાં કરડ અને ઉક્કુરુડ ગુસ્સે થઇ નિમ્ન-

૧ **રઘુવંશ**( સ. ૩, શ્લો. ૧૭ )માં 'પુર' શબ્દ વપરાયો છે. અહીં એનો અર્થ 'જળનો સમૂહ' છે.

૧ "वर्ष देव ! कुणालायां दिनानि दश पञ्च च ।
मुसलस्थूलधाराभिर्यथा रात्रौ तथा दिवा ॥" પૃ.૭૧

અહીં એ ઉલ્લેખ છે કે લોકની કદર્થના સહન નહિ કરતા બન્ને શ્રમણકો અત્યંત ક્રૂર આશયવાળા હતા. એમની કષ્ટતપશ્ચર્યાથી જે દેવ પ્રસન્ન થયો હતો તેણે એ શ્રમણકોના કહેવાથી એવી વૃષ્ટિ કરી કે જેથી ત્યાં સ્થાવર અને જંગમ પ્રાણીઓની ગંધ પણ ન રહી. (અર્થાત્ પ્રાણીઓનું નામનિશાન ન રહ્યું.)

લિખિત પદ્યનું એકેક ચરણ વારા ફરતી બોલ્યાનો અહીં ઉલ્લેખ છે :–

"वरसि देव ! कुणालाए, दस दिवसाणि पञ्च य ।
मुट्ठिमेत्ताहिं धाराहिं, जहा रत्तिं तथा दिवं ॥"

**ધૂળની વૃષ્ટિ**–વીતભયનગરનો ધૂળની વૃષ્ટિ કરી નગરદેવતાએ નાશ કર્યાનો ઉલ્લેખ **આવસ્સયની** હારિભદ્રીય ટીકા વગેરેમાં છે. પ્રાચીન સમયમાં કોઈક સ્થળે લોહીના જેવી વૃષ્ટિ થયાનો પણ ઉલ્લેખ મળે છે.

**દુકાળના પ્રસંગો**–**વીર**સંવત ૧૪૦ના અરસામાં ઉત્તર હિન્દમાં ( ? મગધમાં ) લગલાગટ બાર વર્ષ સુધી (મહાભીષણ) દુકાળ પડ્યો હતો. અને સમગ્ર સાધુસમુદાય સમુદ્રના કાંઠે ગયો હતો. એ દુકાળ મટી જતાં એ સમુદાય પાટલિપુત્રમાં ફરીથી વિધિપૂર્વક આવ્યો. આ પ્રમાણેનો *ઉલ્લેખ **હરિ**ભદ્રસૂરિકૃત **ઉવએસપય**માં છે એમ **જૈ.સા.સં.ઈ.** (પૃ. ૩૬)માં કહ્યું છે. તે શું બરાબર છે ?

**ચન્દ્રગુપ્ત**ના રાજ્યમાં પાટલિપુત્રમાં દુકાળ પડ્યો હતો.

**આવસ્સય**ની ચુણ્ણિ (ભા. ૧, પત્ર ૩૯૬)માં કહ્યું છે કે વજ્રસ્વામીના સમયમાં ઉત્તરાપથમાં દુકાળ પડ્યો હતો. +વજ્રસ્વામી વિ. સં. ૧૧૪ (**વીર**સંવત ૫૮૪)માં સ્વર્ગે સિધાવ્યા હતા.

**વીર** સંવત ૮૨૭ થી ૮૪૦ના ગાળામાં આર્ય સ્કન્દિલના સમયમાં ઉત્તર હિન્દમાં બાર વર્ષનો ભયંકર દુકાળ પડ્યો હતો. **નંદી**ની જિનદાસગણિએ **શક**સંવત ૫૯૮માં રચેલી મનાતી ચુણ્ણિ(પત્ર ૮)માં કહ્યું છે કે બાર વર્ષનો આ ભયંકર દુકાળ પડતાં સાધુઓ અન્ન માટે જુદે જુદે સ્થળે વિહરતા હોવાથી શ્રુતનાં ગ્રહણ, ગુણન અને ચિન્તન કરી શક્યા નહિ. એથી એ શ્રુત નાશ પામ્યું. સુકાળ થતાં **સ્કંદિલા**ચાર્યના પ્રમુખપણા હેઠળ મથુરામાં સાધુસમુદાય ભેગો થયો અને એણે કાલિક શ્રુત સંઘટિત કર્યું.

**આવસ્સય**ની ચુણ્ણિ(ભા ૧, પત્ર ૪૦૪)માં એવો ઉલ્લેખ છે કે દક્ષિણાપથમાં લાંબા સમયનો દુકાળ પડ્યો હતો.

**વવહાર** (ઉ. ૧૦)ના ભાસ (પત્ર ૫૫૭–૫૬૦)માં કહ્યું છે કે એક શ્રાવકે દુકાળમાં પાંચસો સાધુઓને રોકી રાખ્યા હતા અને એ સાધુઓએ આપઘાત કર્યો હતો.

વિ. સં ૧૧૭૫માં શ્રીમાલમાં દુકાળ પડ્યો હતો. એથી ત્યારબાદ વિ. સં. ૧૨૦૦ના અરસામાં એ નગરની ઘણી વસ્તી ગુજરાતમાં આવી.[1]

**વીસલદેવ**ના વખતમાં વિ. સં. ૧૩૧૨ થી વિ. સં. ૧૩૧૫માં ભયંકર દુકાળ પડ્યો હતો. એ ત્રણ વર્ષના દુકાળ વેળા કચ્છના ભદ્રેશ્વરના 'શ્રીમાળી' જૈન **જગડૂશાહે** સિંધ, કાશી, ગુજરાત વગેરે દેશોમાં પુષ્કળ અનાજ આપી દાનશાળાઓ ખોલી હતી.[2] એમ **સર્વાનન્દસૂરિ**કૃત **જગડૂચરિત** જોતાં જણાય છે. દાનશાલાનો ઉલ્લેખ **જૈનધર્મવરસ્તોત્ર**(શ્લો. ૭)ની સ્વોપજ્ઞ વૃત્તિ(પૃ. ૪૧)માં છે.

વિ. સં. ૧૩૭૬–૭૭માં દુકાળ પડ્યાનું એક રાજ્ય-પટ્ટાવલીના પાછળના ઉલ્લેખ ઉપરથી જણાય છે. એમાં કહ્યું છે કે 'ગૂર્જર' જ્ઞાતિના સા. **ભીમે** એ સમયે ( પુષ્કળ દાન ) આપ્યું હતું.[3]

એક ઐતિહાસિક પ્રશસ્તિમાં એવો ઉલ્લેખ છે કે વિ. સં. ૧૪૬૮માં અને એ પછીનાં બીજા બે વર્ષોમાં દુકાળ પડ્યો હતો. એ વેળા **પર્વતે** અને એના મોટાભાઈ **રામે** પોતાના ધનથી જઘન્ય,

* આ ઘટના **પરિશિષ્ટપર્વ**(સર્ગ ૯, શ્લો. ૫૫–૫૭)માં વર્ણવાઈ છે.

+ **પ્રભાવકચરિત્ર**(શૃંગ ૧)માં કહ્યું છે કે **વજ્ર**સ્વામીના શિષ્ય **વજ્રસેન** 'સોપાર'માં વિહાર્યા ગયા ત્યારે ત્યાં દુકાળ પડેલો હોવાથી એક જૈન કુટુંબ અન્નમાં ઝેર ભેળવી એ ખાઈ જીવનનો અંત લાવવા તૈયાર થયેલું જણાયું હતું, પરંતુ એ મુનિવરે સુકાળ થનાર છે એમ કહી એને બચાવ્યું હતું.

1 જુઓ **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ** (પૃ. ૨૨૫).

2 એજન, પૃ. ૪૦૧.

3 એજન પૃ. ૪૨૯.

મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારના સત્રાગાર (દાનશાળા) ખોલ્યા હતા.[1]

વિ. સં. ૧૪૬૮ માં દુકાળ પડતાં પેથડના પ્રપૌત્ર મંડલિકે લોકોને અન્ન વગેરે આપીને મદદ કરી હતી એમ એક "ઐતિહાસિક જૈન પ્રશસ્તિ" ઉપરથી જણાય છે.[2]

**મંડનના** સમકાલીન **મહેશ્વરે** રચેલા **કાવ્ય-મનોહરમાં** એવો ઉલ્લેખ છે કે **ચંડરાઉલના** રાજ્યમાંના મુખ્ય પ્રધાન દૂસાજુના પુત્ર **વીકાએ** 'ચિત્રકૂટ'(ચિતોડ)માં દુકાળ પડતાં ત્યાંના લોકોને અનેકવાર અન્ન વહેંચ્યું હતું.[3]

**મહમદ** બેગડાના સમયમાં (એટલે કે વિ. સં. ૧૫૦૨ થી ૧૫૬૮ માં) વિ. સં. ૧૫૩૯ના અરસામાં ગુજરાતમાં દુકાળ પડતાં જૈન શેઠ ખેમા હડાલીઆએ ગુજરાતને પુષ્કળ અન જ પૂરું પડયું હતું અને એથી "એક વાણિયો શાહ અને બીજો શાહ પાદશાહ" નામની કહેવત ઉદ્ભવી હતી એમ **ખેમા હડાલીઆનો રાસ** જોતાં જણાય છે.[4]

**કર્મચન્દ્રપ્રબન્ધ** પ્રમાણે વિ. સં. ૧૫૮૨ માં દુકાળ પડતાં જૈન ઓસવાલ મંત્રી **નગરાજે** સદાવ્રત ચાલુ રાખ્યા ત્રણ કરોડ 'પીરોજી' સિક્કા ખર્ચ્યા હતા.[5]

'ઓસવાલ' જ્ઞાતિના કર્મચન્દ્ર નામના જૈન મંત્રીએ વિ. સં. ૧૬૩૫ માં પડેલા મહાદુકાળ વખતે તેર મહિના સુધી શત્રુકાર ખોલી રોગી, દીન અને નિર્બળજનોનું રક્ષણ કર્યું હતું.[6]

વિ. સં. ૧૬૬૧ માં ભયંકર દુકાળ પડ્યો હતો.[7]

વિ. સં. ૧૬૮૭ માં ભયંકર દુકાળ પડ્યો હતો.[8] એને 'સત્યાસીઓ' તરીકે ઓળખાવાયો છે.

**સમયસુન્દરે** વિ. સં. ૧૬૭૨ માં **વિશેષશતક** રચ્યું છે, એની એમણે પોતે વિ. સં. ૧૬૮૭ માં લખેલી હાથપોથીમાં એ વર્ષમાં (વિ. સં. ૧૬૮૭)માં ગુજરાતમાં પડેલા મહાદુકાળનું નીચે મુજબ વર્ણન કર્યું છે:—[1]

"मुनिवसुषोडश(१६८७) वर्षे' गुर्जर' देशे च महति दुष्काले ।

मृतकैरस्थिग्रामे जाते श्रीपत्तने नगरे ॥
भिक्षुभयानकवाटे जटिले व्यवहारिभिर्भृशं बहुभिः॥
पुरुषैर्मानियुक्ते सीदति सति साधुवर्गेऽपि ॥
जाते च पञ्चरजतैर्धान्यमणे सकलवस्तुनि महर्घ्ये ।
परदेशगते लोके मुक्ता पितृमातृबन्धु जनान् ॥
हाहाकारे जाते मारिकृतानेकलोकसंहारे ।
केनाप्यदृष्टपूर्वे निशि कौलिक लुण्टिते नगरे ॥"

શ્રીમાલી વણિક મતિઆના પુત્ર શાંતિદાસે ગુજરાતમાં વિ. સં. ૧૭૩૦ ના અરસામાં પડેલા દુકાળમાં ગરીબોને અન્ન, વસ્ત્ર અને ઔષધ આપી જગડૂશાના જેવી કીર્તિ સંપાદિત કરી હતી.[2]

વિ. સં. ૧૮૦૩માં, ૧૮૪૭માં અને ૧૮૬૯માં એમ ત્રણે વખત મહાદુકાળ પડ્યો હતો.

આ ત્રણ દુકાળને તિલોતરો સુડતાલો અને અગણોતરો તરીકે ઓળખાવાય છે.[3]

દુકાળમાં છોકરાં વેચાતાં એમ **મહાનિશીથ** (પૃ. ૨૮)માં ઉલ્લેખ છે.

કલ્પના ભાષ્ય (ગા. ૪૯૫૫-૮; ભા. ૫)માં કહ્યું છે કે દુકાળમાં ભિક્ષા નહિ મળવાથી કેટલાક સાધુઓને પરસ્ત્રીના પતિ બનવું પડતું.

## રેલના બનાવો—

**તિત્થોગાલી**(ગા. ૬૨-૭૨)માં 'પાડલિપુત્ત'(પાટલીપુત્ર)માં ચતુર્મુખ ? કલ્કિના રાજ્ય દરમ્યાન રેલ આવવાની અને એથી હાનિ થયાના

---

૧ એજન, પૃ. ૪૬૦. ૨ એજન પૃ. ૪૬૦. ૩ એજન, પૃ ૪૭૯. ૪ એજન, પૃ. ૫૦૩. ૫ એજન, પૃ. ૫૦૩. ૬ એજન, પૃ. ૫૭૨. ૭ એજન, પૃ. ૫૬૬. ૮ એજન, પૃ. ૫૯૯.

૧ એજન, પૃ. ૫૮૯. ૨ એજન, પૃ.૬૫૭. ૩ એજન, પૃ. ૬૯૩.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉલ્લેખ છે. [1]સત્તર દિવસ સુધી લાગલાગટ વરસાદ થશે અને ' ગંગા ' અને ' શોણ ' નદીમાં પૂર આવશે. ગંગામાંના પૂર અને શોણના દુર્ધર વેગને લઈને પાટલિપુત્ર જલજલાકાર બની જશે અને અનેક માણસો તણાઈ જશે.[2]

**અવહાર**( ઉ. ૧૦ )ના ભાસ( પત્ર ૪૫૦ )માં કાંચનપુરમાં રેલ આવ્યાની હકીકત છે.

**આવસ્સયની** ચુણ્ણિ( ભા. ૧, પત્ર ૬૦૧ )માં એવો ઉલ્લેખ છે કે શ્રમણ ભગવાન **મહાવીરસ્વામીને** કેવલજ્ઞાન થયું તે પૂર્વે તેર વર્ષ ઉપર ( અર્થાત્ ઇ. પૂર્વે ૫૭૦ )માં 'કુણાલનયરી' માં રેલ આવી હતી.

અચિરાવતીમાં વારંવાર રેલ આવવાથી સાવત્થી ( શ્રાવસ્તિ ) ને ઘણીવાર હાનિ થતી હતી.

અનાસક્તિના ઉદાહરણ તરીકેની **યશ** અને એના ભાઈ **સુયશની** [3]કથામાં **યશની** પત્નીને બે વાર દુસ્તર નદીએ માર્ગ આપ્યાની વાત આવે છે તો એ નદીમાં શું તે સમયે રેલ આવી હતી ?

**શતપથ** બ્રાહ્મણ વગેરેમાં જે જલપ્રલય હજારો વર્ષ ઉપર થયાનો ઉલ્લેખ છે, તેવો કોઈ ઉલ્લેખ કોઈ જૈન પ્રાચીન ગ્રંથમાં જણાતો નથી. જો એમજ હોય તો તેનું શું કારણ ?

ઈ. સ. ૧૯૧૭માં આપણા દેશમાં અનેક સ્થળે અતિવૃષ્ટિ થઈ હતી અને રેલો આવી હતી તેનું પુનરાવર્તન વધારે વ્યાપક સ્વરૂપે ચાલુ વર્ષ (૧૯૬૧) માં થયું છે.

૧-૨. જુઓ वीर निर्वाण संवत और जैन कालगणना ( પૃ. ૪૩-૪૪ )

૩ આ કથા કેટલી પ્રાચીન છે અને યશ અને સુયશ ક્યારે થઈ ગયા તેની તપાસ કરવી બાકી રહે છે.

## પૂજ્યપાદ સાધુસાધ્વીજી માટે જ પાલીતાણા મુકામે નેત્રયજ્ઞ

## જાહેર નિવેદન

આથી જણાવતાં આનંદ થાય છે કે-શ્રી પાલીતાણા મુકામે એક નેત્રયજ્ઞ કોઈપણ ગચ્છ કે સંપ્રદાયના ભેદભાવ વગર માત્ર જૈન ધર્મના સાધુ-સાધ્વીજી મહારાજો માટે જ એક સખી ગૃહસ્થ તરફથી ગોઠવવામાં આવેલ છે અને વીરનગરના આંખના નિષ્ણાત સેવાભાવી પ્રખ્યાત ડૉ. શ્રી અધ્વર્યુ પોતે જાતે ઓપરેશન કરી આપશે. આ નેત્રયજ્ઞ સં. ૨૦૧૮ના ફાગણ વદી ૫ સોમવાર તા. ૨૬-૩-૬૨ થી શરૂ થશે. અને ડૉ. શ્રી અધ્વર્યુ સાહેબ પોતાના સ્ટાફ સાથે એક અઠવાડીયું પાલીતાણા રોકાશે અને તેમની સેવાનો લાભ આપશે.

તો પૂજ્યપાદ આચાર્ય ભગવંતો પૂ. પંન્યાસજી મહારાજો પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોને વિનંતિ કરીએ છીએ કે જેમને આંખ સંબંધી તકલીફ હોય તેઓ ફાગણ વદી ૫ સોમવાર પહેલાં વિહાર કરી પાલીતાણા પહોંચી જાય. નેત્રયજ્ઞમાં દાખલ થનાર માટે દસ દિવસ રહેવાની વિ. બધી ગોઠવણ કરવામાં આવશે. ત્યારબાદ રહેવા વિગેરેની ગોઠવણ તેમણે પોતે કરી લેવાની રહેશે.

જેઓ આ નેત્રયજ્ઞનો લાભ લેવા ઇચ્છતા હોય તેમણે નીચેના ઠેકાણે અગાઉથી જણાવવા વિનંતિ છે.

પાલીતાણા
તા. ૧૫-૧-૬૨

લી૦
પાલીતાણા નેત્રયજ્ઞ સમિતિ
ઠે. શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ
પાલીતાણા ( સૌરાષ્ટ્ર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુણ માટે દોષ ટાળો!

લેખક : બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

આપણે જો કોઈપણ ગુણ ગ્રહણ કરવો હોય તો તે પ્રાપ્ત કરતી વેળા તેના વિરોધી જે દોષો હોય તે ટાળવા જોઈએ એ બધા દોષો દૂર કરીએ તો જ ગુણ મેળવી શકાય. જ્યાં સુધી કોઈ ગુણ મેળવવામાં આડે આવતા દોષોને આવવાના માર્ગો ખુલા મૂકીએ ત્યાં સુધી આપણે ગુણ શી રીતે પ્રાપ્ત કરી શકીએ ? આપણા હિતસ્વી માણસો જે માર્ગે આવવાના હોય તેમના માર્ગમાંથી અવરોધો આપણે દૂર ન કરીએ ત્યાં સુધી તે આવે જ ક્યાંથી ?

પહેલા તો જે ગુણો આપણે મેળવવા માગના હોઈએ તે ગુણો આપણે ક્યાંથી મળી શકે તેમ છે તેની તપાસ કરવી પડે. અને તે મેળવવા માટે કેવા ઉપકરણો અને સાધનોની જરૂર હોય તેની માહિતી મેળવવી જોઈએ. એ બધું મળ્યા પછી પણ વચમાં ક્યાંથી અને કેવા રીતે અવરોધો આવવાનો સંભવ છે તે જાણી તે દૂર કરવાના પ્રયત્નો આદરવા જોઈએ. એમ કરી ગુણને આવવાના માર્ગો નિષ્કંટક કરવા જોઈએ. એમ કરવાથી જ આપણે કાંઈક ગુણો મેળવી શકીએ તેમ છીએ. અન્યથા નહીં.

આપણે જો વિદ્યા મેળવવી હોય તો વિદ્યા માટે આપણે પુરી ભક્તિ હોવી જોઈએ. વિદ્યાને આપણી તારણહાર દેવતા છે એવી અંતઃકરણમાં ભાવના જાગવી જોઈએ. આપણી અંતઃચક્ષુઓ ઉઘાડી આપણે નવો પ્રકાશ મેળવવાનું એ અમોઘ સાધન છે, અને વિદ્યા વિના આપણે પશુતુલ્ય જ રહેવાના છીએ. માટે જ વિદ્યાની અનિવાર્યપણે આપણને જરૂર છે એમ આપણને લાગવું જોઈએ. આપણી આતુરતા અને વિદ્યા ભણવાની તાલાવેલી વધવી જોઈએ. ભણ્યા વિના અને જ્ઞાન ધન મેળવ્યા વિના એક દિવસ પણ જાય તેથી આપણા મનને ખેદ થવો જોઈએ. આટલું થાય ત્યારેજ જ્ઞાન મેળવવા માટે આપણે લાયક થયા એમ ગણી શકાય. ત્યાર પછી જ્ઞાન મેળવવા માટે બધું સાહિત્ય મેળવવામાં કોઈ પણ પરિશ્રમ કરવાની તૈયારી હોવી જોઈએ. ગમે તેવી અગવડો વેઠી લેવાની તૈયારી હોવી જોઈએ. એ માટે ગમે તેટલું દ્રવ્ય આપવાની ઉત્સુકતા પણ હોવી જોઈએ. તેમજ ગુરુ માટે વિનય, નમ્રતા અને પૂજ્યભાવ આપણા મનમાં જાગવો જોઈએ. આટલી તૈયારી હોય તોજ આપણે વિદ્યા અને જ્ઞાન મેળવવા માટે લાયક થયા એમ ગણાય.

એટલું થવા છતાં પણ સુભાષિતકાર કહે છે કે, गृहासक्तस्य नो विद्या । એટલે જેનું મન ઘરસંસારમાંજ રમતું હોય તેને વિદ્યા મળતી નથી. અર્થાત્ વિદ્યાર્થીએ ઘરનો મોહ મંદ કરવો જોઈએ. જરૂર પડે વિદ્યા માટે પરદેશ પણ જવાની તયારી રાખવી જોઈએ. અર્થાત્ ઘરમાં મળતી સગવડો પણ છોડવી જોઈએ. અર્થાત્ જેને ભણવું જ છે તેણે વિદ્યા એ જ દેવ, વિદ્યા એ જ ગુરૂ અને વિદ્યા એ જ મારો ધર્મ છે, એમ ધારી રાત દિવસ વિદ્યાની જ ઉપાસના કરવી જોઈએ. એમ થવાથી જ વિદ્યાની પ્રાપ્તિ થવાનો સંભવ છે. અડધું ચિત્ત રમતમાં, ઘરસંસારમાં અને મારૂ તારૂ કરવામાં હોય ને અડધુ ચિત્ત ભણવામાં રાખવાથી વિદ્યા મળે નહીં. સરસ્વતી પ્રસન્ન થાય નહીં એ ધ્યાનમાં રાખવું જોઈએ સરસ્વતી એ દેવતા છે. અને એની ઉપાસના કે ભક્તિ પણ એની પદ્ધતીને અનુસરીને જ કરવી જોઈએ. તોજ સરસ્વતી માતા કે વિદ્યાદેવી પ્રસન્ન થાય. અને ઇચ્છિત ફળ આપે. એની આશાતના કોઈ રીતે આપણા હાથે થાય નહીં એવી તકેદારી પણ આપણે રાખવી જોઈએ. એટલે જ અમો કહીએ છીએ કે, જો ગુણ મેળવવો હોય તેને વિસંવાદી દોષો ટાળવા જ જોઈએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ વિદ્યા કે જ્ઞાન માટે હોય તેમ દયા માટે પણ આપણે સાવચેતી રાખવાની હોય. કોઈ માંસ-ભક્ષણ કરતો હોય તેની પાસે દયા ટકે જ શી રીતે ? દયા અને હિંસા સાથે રહે એ કલ્પના પણ કરી શકાય નહીં. પરજીવનો સંહાર કરે તો જ માંસ ભક્ષણ કરી શકાય. એ દેખાતી વસ્તુ છે ત્યારે આત્માનો સ્વાભાવિક ગુણ જે દયા તે જાગૃત રાખવો હોય હિંસાના બધાજ કાર્યો અને કારણો તેમ જ નિમિત્તો આપણે ટાળવા જ જોઈએ. મોઢે દયાની વાતો કરવી અને ક્રિયા અદયાની કરતા રહેવું એ બને જ શી રીતે ? પણ એવા ઘણા લોકો જોવામાં આવે છે. એટલે એમની એ દયાની વાતો ફક્ત બોલવા પુરતી જ હોય છે. એ સ્પષ્ટ થાય છે. એવી વાતો એ દંભજ છે. એ વસ્તુ સ્વયમેવ પ્રમાણ-ભૂત છે. રશિયા અને અમેરિકા શાંતિ અને દયા, અહિંસાની વાતો વારે ઘડી મોઢે બોલે જાય છે. અને કૃતિ તદ્દન વિરૂદ્ધ કરે જાય છે. એવા મહાભાગો પાસેથી દયાની અને શાંતિની આશા રાખવી એ તો આપણું જ અજ્ઞાન છે ! સંશયરૂપી પિશાચ એ બધાઓના માથે ચઢી બેઠેલું છે. અને તેથી પોતાનું પાપ છુપાવવા માટે મોઢેથી શાંતિનો પાઠ તેઓ ભણ્યા કરે છે. અને એમ કરી દુનિયાને છેતરવાના પેતરાં તેઓ રચી રહેલા છે. પણ દુનિયા હવે એ બધાઓનું માનસ પારખી ચુકી છે. અને એમનાથી કોઈ ઠગાય એમ પરિસ્થિતિ રહી નથી. માટે જ અમો કહીએ છીએ કે, ચોર અને શાહુકાર એક સાથે સુખેથી વસી શકે જ નહીં.

એવી જ રીતે જેના માથામાં દ્રવ્યનું ભૂત ભમી રહ્યું હોય, અને જેને ધન ધન ને ધનજ સંચાર કરતું હોય તેની પાસે ધન મેળવવાના સાધનોમાં શુચિતાની અપેક્ષા રાખવી કે સત્યની કલ્પના કરવી એ અશક્ય જેવી વસ્તુ છે. કારણ એકાંતે દ્રવ્યો-પાર્જનની તાલાવેલી અને સત્ય એ બન્ને પરસ્પર વિરોધી વસ્તુઓ છે. માટે જ કહેવાય છે કે, દ્રવ્યમાં જે લુબ્ધ થયો હોય તેની પાસે સત્ય ક્યાંથી મળે ? द्रव्य लुब्धस्य नो सत्यम् । એટલે જે દ્રવ્યમાં લુબ્ધ થએલો હોય છે તે ન્યાય કે અન્યાયને ઓળખતો નથી. શુચિતા કે અશુચિતામાં એ ભેદ જોઈ શકતો નથી. એને માટે સ્વજન કે પરજનમાં ભેદ જોવાતો નથી. એની દૃષ્ટિમાં બંધુ ભગિની કે પ્રત્યક્ષ માતા પુત્ર પણ દ્રવ્ય માટે આડા આવી શકતા નથી. એને તો બસ, દ્રવ્ય એ જ મુખ્ય અને દેવતુલ્ય આરાધ્ય હોય છે. બાકી બધું એને ત્યાજ્ય જ હોય છે. એની પાસેથી સદાચાર ઋજુતા કે સાત્વિકતા ને ધર્માભિમુખતાની આશા રાખી શકાય જ નહીં. માનવભવ એણે ખોઈ જ દીધેલો છે એમ કહેવું પડશે. એ ધર્મનું નામ ધારણ કરી થોડા પૈસા આમ તેમ ફેંકી દે તેથી એ કાંઈપણ પ્રાપ્ત કરી શકતો નથી. એવું એ કાર્ય તો પોતાની દ્રવ્યલુબ્ધતા લોકો પાસેથી છુપા-વવા માટેની છેતરપિંડી છે. એ ભૂલવું નહીં જોઈએ. આપણું બધું કુકૃત્ય ઢંકાઈ જાય અને આપણે ચોરને બદલે શાહુકાર ગણાઈએ એટલો જ હેતુ એની પાછળ છુપાએલો હોય છે. આપણે જો એ દોષ ટાળી શકીએ તો કેવું સારૂં ?

હવે આપણે આત્માનો જે સારામાં સારો ગુણ જે પવિત્રતા તેનો વિચાર કરીએ. પવિત્રતા એટલે દોષરહિત આચરણા. કોઈને કાંઈ કર્મ કે આચરણા કર્યા વિના એક ક્ષણમાત્ર પણ માનવ રહી શકતો નથી. સૂતા કે જાગતા, વ્યવસાયનાં કે અમથા બેસી રહેવામાં માણસ નિષ્ક્રિય રહી શકતો નથી. ભલે શરીરથી કાંઈ નહીં કરતો હોય છતાં એનું મન એને ક્ષણવાર પણ સ્વસ્થ બેસવા દેતું નથી. કર્મ તો સતત ચાલ્યા જ કરે છે. ત્યારે એ કર્મ પવિત્ર દોષરહિત છે કે, નિંદનીય અને દોષથી ભરેલું છે તેનો વિચાર દરેક માનવે કરવો જોઈએ, પણ એમ થતું નથી. અને માનવો નિરંકુશરીતે દોષયુક્ત ક્રિયા કરે જ જાય છે. અને પરિણામે અનંત કાળ સુધી આ ભવચક્રમાં અથડાતો રહે છે.

વિશેષે કરી ખાવું પીવું, મોજશોખમાં જેનું મન રમ્યા કરે છે, અને કામવિકાર મુખ્યત્વે કરી જેના મનમાં સ્થિર થઈ બેઠેલો હોય છે, તે માણસ રાતમાં કે દિવસમાં આંખ છતાં આંધળો થઈને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરતો રહે છે. આંખ આડા કાન ધરીને એ આપણને કોઈ જોતું નથી, આપણું પાપ છુપાએલું જ રહ્યું છે, એવી ભ્રમણામાં ભોગેચ્છાને પોષતો જ રહે છે. એવા કામાતુર કે સ્ત્રૈણ માનવ પાસે પવિત્રતાની અપેક્ષા શી રીતે રાખી શકાય? એ ભલે સ્નાન મજ્જન કરી અંગે સુગંધી લેપ કરી ધર્મીપણાનો દેખાવ કરવા માટે ટીલા ટપકા કરી ફરતો હોય, પણ તેનું અંતરંગ મલિન અપવિત્ર જ રહેલું હોય છે. તેથી જ કહ્યું છે કે, स्त्रैणस्य न पवित्रता । એટલે જ કામી, ભોગી કોઈ રીતે પવિત્ર જીવન ગાળી શકતો નથી કારણ કામ અને પવિત્રતાને હંમેશા વેર જ વર્તે છે. તદ્દન વિરોધી ગુણ વાળી વસ્તુઓ એકત્ર રહે જ શી રીતે? અગ્નિ અને જલ પરસ્પર વિરોધી ગુણ ધરાવે છે. તેમ આત્મા અને અનાત્મા જુદા હોય છે. આપણે અનાત્મા ઉપર જ આત્માનું આરોપણ કરીએ છીએ તેથી જ આપણી શુભ જણાતી ક્રિયાઓ પણ ફળહીન નિવડે છે અંધારું અને અજવાળું સાથે કેમ રહી શકે! ક્રિયા આત્મલક્ષી થતી હોય અને ફલ માત્ર બાહ્ય અનાત્મલક્ષી ધારીએ એ શી રીતે સફળ બની શકે? ઝવેરીની દુકાને જઈ મરી મરચાનો ભાવ પૂછીએ એ જેટલું અસંગત અને વિપરીત છે તેટલું જ વિપરીત અનાત્મામાં રત રહી આત્મીય ફળની માગણી કરવાનું હોય માટે જ અમો કહીએ છીએ કે, વિરોધી ગુણો પરસ્પરને પોષક નથી હોતા, પણ મારક જ હોય છે.

વિદ્યા ભણવી હોય તો સંસારના ભોગોને સર્વથા મૂકવા પડશે. અગર છેવટ ગૌણ તો કરવું જ પડશે. દયા પાળવી હોય તો હિંસક વૃત્તિ છોડવી જ પડશે. સત્યનું પાલન કરવું હશે તો દ્રવ્યને અતિરિક્ત મહત્વ આપવાનું મૂકી જ દેવું પડશે. તેમ પવિત્ર જીવન ગાળવું હશે તો ભોગેચ્છા કામેચ્છા અને સ્ત્રૈણપણું છોડવું જ પડશે એ બધી વસ્તુઓનો વિચાર કરી આપણું જીવન સુસંગત અને આત્મલક્ષી કરવું એ જ શુભેચ્છા!

## "શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના ગ્રાહક બંધુઓને

"શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપની પાસે સં. ૨૦૧૭ નું લવાજમ લેણું થયેલ છે અને સં. ૨૦૧૮ નું લવાજમ ચડતર થવા લાગ્યું છે એટલે આપના પાસે રૂા. ૬-૫૦ ન. પૈ. સાડા છ રૂપીયા લવાજમના ભેગા થાય છે તે વસુલ કરવા માટે "શ્રી શંખેશ્વર સ્તવનાવલી" નામનું ભેટ પુસ્તક રવાના થશે. પોસ્ટેજના ૦-૨૫ નયા પૈસા મળી રૂા. ૬-૭૫ ન. પૈ.નું મનીઓર્ડર કરનારને ભેટ પુસ્તક બુક પોસ્ટથી મોકલાશે. ૨૮ મી ફેબ્રુઆરી ૧૯૬૨ સુધીમાં જેમની રકમ મનીઓર્ડરથી નહિ આવે તેમને વી. પી.થી મોકલવામાં આવશે જેથી ૦-૫૦ ન. પૈ.નો વિશેષ ખર્ચ થશે.

૦-૫૦ નયા પૈસાનો વધારાનો ખોટો ખર્ચ ન સહન કરવો પડે તે માટે લવાજમની રકમ મનીઓર્ડર દ્વારા મોકલવી હિતાવહ છે

ગ્રાહક બંધુઓને નમ્ર વિજ્ઞપ્તિ છે કે જે રીતે સહકાર આપી જ્ઞાન પ્રચારને ઉત્તેજન આપી રહ્યા છો તે રીતે સહકાર આપી આભારી કરશો લક્ષદોષથી કે શરતચૂકથી વી. પી. પાછું ન ફરે તે ખ્યાલમાં રાખવા વિજ્ઞપ્તિ છે કારણકે તેથી જ્ઞાન ખાતાને નુકશાન થશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનદર્શનની તૃષા

લેખક : ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા એમ. બી. બી, એસ.

## ' આગમવાદે હો ગુરુગમ કો નહિ '

હવે જો આગમવાદથી દર્શન પામવાની વાત કે વિચાર કરીએ છીએ તો આગમવાદમાં કોઇ ગુરુગમ નથી, એ સબળો વિખવાદ છે. એટલે એ દ્વારે પણ તમારા દર્શનની દુર્લભતા છે. કારણ કે ' ગુરુગમ ' પામવા માટે પ્રથમ તો સાચા ગુરુનો–સદ્ગુરુનો યોગ હોવો જોઇએ, અને તે જ દુર્લભ થઇ પડ્યો છે. હે ભગવન્ ! આપનો અનન્ય મહિમા વિસ્તારનારા અને આપના શાસનનો ડંકો વગાડનારા દર્શન-પ્રભાવક **' લલિત વિસ્તરા '** ગ્રંથમાં આપના અનન્ય ભક્ત શ્રી **હરિભદ્રસૂરિએ** ગુરુયોગની સ્પષ્ટ મીમાંસા કરતાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે તેમ—

" गुरुणा–यथार्थाभिधानेन स्वपरतन्त्रविदा परहितनिरतेन पराशयवेदिना सम्यक् सम्बन्धः, एतद्विपर्ययाद्विपर्ययसिद्धेः । तद्व्याख्यानमपि अव्याख्यानमेव, अभक्ष्यास्पर्शनीयन्यायेनानर्थफलमेतदिति परिभावनीयम् । "

અર્થાત્—ગુરુ સાથે–યથાર્થ અભિધાનવાળા, સ્વપરતન્ત્રવિદ્, પરહિતનિરત, પરાશયવેદી એવા ગુરુ સાથે સમ્યક્ સંબંધ ( તે ગુરુયોગ ), આના વિપર્યયથી ( ઉલટા પ્રકારથી ) વિપર્યયની ( ઉલટા પ્રકારની ) સિદ્ધિ હોય છે માટે. તેનું ( વિપરીત ગુણવાળા ગુરુનું ) વ્યાખ્યાન પણ અવ્યાખ્યાન જ છે; અભક્ષ્ય અસ્પર્શનીય ન્યાયથી આ ( વ્યાખ્યાન ) અનર્થ ફલવાળું છે, એમ પરિભાવન કરવા યોગ્ય છે.

## ગુરુયોગ : ગુરુઅયોગ અથવા અગુરુયોગ

હરિભદ્રજીના આ પરમાર્થગંભીર ×સૂત્રનો વિશેષ વિચાર કરતાં સ્પષ્ટ સમન્વય છે કે પ્રથમ તો તે ગુરુ ' યથાર્થ અભિધાન 'વાળા હોય. શાસ્ત્રોક્ત ગુણગણ ગૌરવથી ' ગુરુ ' હોઇ ' ગુરુ ' નામને યોગ્ય હોય; ' સ્વપરતન્ત્રવિદ્ ' હોય, સ્વ–પર શાસ્ત્રના જ્ઞાતા–સ્વસમય–પરસમયના જાણ, આત્મા–અનાત્માના ભેદજ્ઞાનને પામેલા ખરેખરા ' ગીતાર્થ ' હોય; ' પરહિતનિરત ' હોય, અન્ય જીવોનું હિત–પારમાર્થિક કલ્યાણ કેમ થાય ? એની અહોનિશ ચિંતા કરનારા પરોપકારપરાયણ હોય; ' પરાશયવેદી '–પરના આશયને જાણનારા વિચક્ષણ હોય. આવા યથોક્ત ગુણલક્ષણસંપન્ન સાચા સદ્ગુરુ સાથે જે યોગ–સમ્યક્ સંબંધ–અવંચક યોગ તે જ ' ગુરુયોગ ' છે. પણ આથી ઉલટું, આવા ગુણસંપન્ન જે ન હોય પણ એથી વિપરીત–ઉલટા ગુણવાળા જે હોય તેની સાથેનો યોગ–સંબંધ તો ગુરુઅયોગ અથવા અગુરુયોગ છે. એટલે કે ગુરુમાં હોવા યોગ્ય ગુણગણગૌરવ નહિં હોવાથી જે ' ગુરુ ' નામને યોગ્ય નથી, જેને સ્વપરતન્ત્રનું ભાન નથી–સ્વ–પરસમયનું કે આત્મા–અનાત્માનું જ્ઞાન નથી, પરહિતની જેને કંઇ ખેવના નથી પણ પોતાના માન–પૂજા–પ્રતિષ્ઠાદિની જેને ખેવના છે, અને પરના આશયનું જેને જાણપણું નથી–એવા અગીતાર્થ અજ્ઞાની અસમયજ્ઞ તે અગુરુ અથવા કુગુરુ જ છે, અને તેનો યોગ તે તો સત્ફલથી વંચિત કરનારો–જીવને છેતરનારો વંચક યોગ હોઇ, અયોગ જ છે, ગુરુયોગ જ નથી. અને ' तद्व्याख्यानमपि अव्याख्यानमेव '–એવા વિપરીત ગુણવાળા અજ્ઞાની અસદ્ગુરુનું વ્યાખ્યાન પણ અવ્યાખ્યાન જ છે, તેના વ્યાખ્યાનને ' વ્યાખ્યાન ' નામ જ ઘટતું નથી. અને તેનું કહેવાતું વ્યાખ્યાન પણ અનર્થફલવાળું હોય છે,–अभक्ष्यास्पर्शनीयन्यायेनानर्थफलमेतत् એટલે એનું વ્યાખ્યાન, અભક્ષ્ય–અસ્પર્શનીય ન્યાયથી ત્યજવા યોગ્ય છે; અર્થાત્ માંસાદિ અભક્ષ્ય જેમ સ્પર્શવા યોગ્ય નથી, અથવા ચાંડાલાદિ અસ્પર્શ્ય જેમ સ્પર્શવા યોગ્ય નથી, તેમ આવા કુગુરુને અને તેના વ્યાખ્યાનને દૂરથી પણ સ્પર્શવા યોગ્ય છે. ( ચાલુ )

× આ અંગે વિશેષ જિજ્ઞાસુએ મત્કૃત **લલિતવિસ્તરાવિવેચન** (પૃ. ૪૮-૫૬) ગ્રંથનું અવલોકન કરવું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

## સૂચિપત્ર

## વાંચવા તેમજ વિચારવા યોગ્ય સરલ પુસ્તકો

| | |
|---|---|
| બાલેન્દુકાવ્યકૌમુદી | ૨-૦-૦ |
| શ્રી આનંદઘનજીનું દિવ્ય-જિનમાર્ગદર્શન | ૧-૮-૦ |
| શ્રી આનંદઘનજીનાં પદો (વિવેચન સહિત) | ૭-૮-૦ |
| સોળ પ્રકારી પૂજા (અર્થ તેમજ પચીશ કથા સહિત) | ૩-૦-૦ |
| આદિનાથ ચરિત્ર | ૧-૮-૦ |
| આચારપ્રદીપ | ૦-૧૨-૦ |
| કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ |
| ઉપમીતી પીઠબંધ ભાષાંતર | ૦-૧૨-૦ |
| ગુણસ્થાનકમારોહ | ૦-૧૨-૦ |
| જૈનકથા રત્નકોશ ભાગ છઠ્ઠો | ૬-૦-૦ |
| ઉપમીતી ભવપ્રપંચા કથા ભાષાંતર ભાગ ૧ લો | ૫-૦-૦ |
| ,, ભાગ ૩ જો | ૫-૦-૦ |
| ,, ભાગ ૪ થો (સચિત્ર) | ૫-૦-૦ |
| ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧-૨ | ૬-૦-૦ |
| ,, પર્વ ૩-૪ | ૫-૦-૦ |
| જૈન રામાયણ પર્વ ૭ | ૪-૦-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો | ૩-૮-૦ |
| ,, ભાગ ૩ જો | ૩-૦-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૨-૦-૦ |
| વીસસ્થાનક તપવિધિ | ૨-૮-૦ |
| દેવવંદનમાળા | ૨-૪-૦ |

| | |
|---|---|
| ધન્ના શાલિભદ્રનો રાસ | ૦-૧૨-૦ |
| યુરોપનાં સંસ્મરણો | ૧-૮-૦ |
| શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| સ્નાત્રકળશાદિ સંગ્રહ | ૨-૦-૦ |
| હેમચંદ્રાચાર્ય ચરિત્ર | ૦-૧૨-૦ |
| નયપ્રદીપ | ૧-૦-૦ |
| લલીત વિસ્તરા | ૯-૦-૦ |
| શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ ૮ | ૧-૧-૦ |
| ,, ભાગ ૯ | ૧-૮-૦ |
| પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા | ૨-૮-૦ |
| જ્ઞાનધર્મ પંચાચાર | ૧-૦-૦ |
| જ્ઞાનસાર (વિવેચન સહિત) | ૨-૦-૦ |
| પ્રાકૃત ભાષા અને સાહિત્ય | ૬-૦-૦ |
| તાત્ત્વિક લેખસંગ્રહ | ૨-૦-૦ |
| જૈનદૃષ્ટિએ યોગ | ૨-૮-૦ |
| અષ્ટક પ્રકરણ | ૦-૧૨-૦ |
| આગમસારોદ્ધાર | ૦-૧૨-૦ |
| કચ્છ–ગિરનારની મહાયાત્રા | ૧-૮-૦ |
| જૈન ઐતિહાસિક રાસમાળા | ૧-૦-૦ |
| દેવવિનોદ | ૧-૦-૦ |
| દંડક તથા લઘુસંગ્રહણી | ૧-૦-૦ |
| નવસ્મરણ | ૦-૧૨-૦ |
| બે પ્રતિક્રમણ સૂત્ર (અર્થ તેમજ ભાવાર્થ સહિત) | ૧-૮-૦ |
| સ્યાદ્વાદમંજરી | ૩-૦-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

| | | | |
|---|---|---|---|
| સિદ્ધાંતમુક્તાવલી | ૧-૦-૦ | સાદા ને સરળ પ્રશ્નોત્તર (સ્વ. કુંવરજીભાઈ) ભાગ ૨ | ૦-૪-૦ |
| માનવ જીવનનું પાથેય | ૦-૮-૦ | ,, ભાગ ૩ | ૦-૫-૦ |
| ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા | ૨-૦-૦ | ,, ભાગ ૪ | ૦-૫-૦ |
| સુમાદિ દેશના | ૦-૧૨-૦ | વ્યવહારકૌશલ્ય ભાગ ૨ | ૦-૪-૦ |
| શ્રાદ્ધદિનકૃત્ય | ૦-૧૨-૦ | શારદાપૂજન વિધિ | ૦-૧-૬ |
| પરમાત્મા જ્યોતિ | ૦-૨-૦ | અધ્યાત્મબારાક્ષરી | ૦-૩-૦ |
| પાર્શ્વનાથનો વિવાહલો | ૦-૪-૦ | અર્હન્નામસમુચ્ચય | ૦-૩-૦ |
| મૂળચંદજી જીવનચરિત્ર | ૦-૪-૦ | આદીશ્વરની વિનંતિ | ૦-૩-૦ |
| વીરવિજયજી જીવનચરિત્ર | ૦-૪-૦ | ઉપદેશસપ્તતિકા | ૦-૪-૦ |
| સાધુમર્યાદાપટ્ટક | ૦-૪-૦ | ગુજરાતી દુહા સંગ્રહ | ૦-૪-૦ |
| સુજશવેલી ભાસ | ૦-૪-૦ | ગૌતમસ્વામીનો મોટો રાસ | ૦-૧-૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૬-૦ | ચારે દિશાની તીર્થમાળા | ૦-૪-૦ |
| સિંદૂર પ્રકરણ | ૦-૪-૦ | ચિદાનંદજી ભાગ ૨ જો | ૦-૪-૦ |
| સંવેગમાળા | ૦-૪-૦ | જંબૂદ્વીપસમાસ | ૦-૪-૦ |
| હિતશિક્ષા (નાની) | ૦-૪-૦ | જિનસહસ્ર નામ | ૦-૪-૦ |
| બાર વ્રતની પૂજા—અર્થ સાથે | ૦-૫-૦ | તત્ત્વામૃત ગ્રંથ | ૦-૪-૦ |
| સાત સ્મરણ અને સ્નાત્રપૂજા | ૦-૮-૦ | તીર્થંકરનામાવળી | ૦-૪-૦ |
| પંચસંયત પ્રકરણ | ૦-૪-૦ | ધનપાળપંચાશિકા | ૦-૪-૦ |
| પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા —અર્થ સાથે | ૦-૫-૦ | નમસ્કાર મહાત્મ્ય | ૦-૪-૦ |
| બાર ભાવનાની સજ્ઝાય | ૦-૪-૦ | પ્રકરણ રત્નસંગ્રહ ભાગ ૨ | [illegible] |
| [illegible] | ૦-૪-૦ | ,, ,, ભાગ ૩ | ૦-૫-૦ |
| અક્ષયનિધિ તપવિધિ | ૦-૩-૦ | પાક્ષિક અતિચાર અર્થ સાથે | [illegible] |
| | | પવિત્રતાને પંથે | [illegible] |

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

### [ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ [illegible] પ્રગટ કરી છે. સાથે સાથે સ્નાત્રપૂજા અને આરતી—મંગળ [illegible] કરવામાં આવેલ છે. અર્થ સમજીને [illegible] કરવા યોગ્ય છે. [illegible]

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

[illegible]
પ્રકાશક : [illegible] શ્રી જૈન ધર્મ પ્રસારક [illegible]
[illegible]

For Private And Personal Use Only